શ્રી અંબીકાશતક.

ભાગ ૩ જો.

રચનાર.

નડિયાદ નિવાસી.

શા. ભાઈચંદ ગોવર્ધનદાસ.

શ્રી.

આ નીચેની કવિતાઓમાંથી નિકળતો સ્નેહ શ્રી જગદંબીકા ઉપર પૂર્ણ ભક્તિ ભાવ જણાવો મારા જીવન પ્રેમને પ્રાપ્ત કરનારને. કવિ આ શતક સાથે વિચાર કરવાનું સુચવે છે.

બાળ આનંદ.

ગરબી.

સુણ સાહેલડીરે ॥ એ રાહ. ॥

ઉઘાડ બારણીરે, મહેશ્વરી કરીએ પ્રણામ;
દુઃખિત બાળકોરે, નથી હવે જપવું બીજું નામ. ૧
ચૂંદડી ઓઢાડોરે, લાગી લટકી ચિત્ત ચકોર;
દરશન કારણેરે, લોભ લપાતા ગાતાં આંધેર. ૨
ઘોળે ગાજતીરે, જોરમાં લાગતી જગદાધાર;
બહુશુભ આપતીરે, દયાળુ દેવી છો દાતાર. ૩
કૃપાળુ તેડજોરે, ઘણી ઘણી કહું છું વારંવાર;
ભક્તો ધ્યાનમાંરે, રાખી પ્રેમ બહુ વરસનાર.
જનનીઓ તેડશોરે, ચરણે આ ઉરમાં ભાર;
"આનંદ" કહે કરગરીરે રાખો ચરણ કમળની પાસ. ૪

વસંત વિલાસનું સ્વાદ

શ્રી અંબીકા અખિલ વિશ્વની માત મોટી,
આપે અનુકુળ રૂપ તે કવિને કસોટી;
માટે વિતી પરિ તજી કવિને જનાવે,
તો તો અજ્ઞાન નહિ ઉત્તમ એક લહાવો.

અમદાવાદ આર્યોદય પ્રેસ.

પ્રત ૧૦૦૦

સંવત ૧૯૪૭ } સને ૧૮૯૧.

ભેટ ગુણગ્રાહક } મોફત.



શ્રી અંબીકાશતક.

ભાગ ૩ જો.

ગણપતીની સ્તુતિ.

વસંત તિલકા.

શ્રી શંકરા સુત ખરા ગણપત્ત દેવા,
લંબોદરા સુખકરા કરૂં તારી શેવા;
વિઘ્નો હરી મમપરે ગણનાથ રીઝો,
શ્રી અંબિકા શતક ભાગ બનેજ ત્રીજો. ૧

સરસ્વતીની સ્તુતિ.

વસંત તિલકા.

છો હંસ વાહિનિ સરસ્વતિ મા કૃપાળી,
શોભે વિણા સરસ પુસ્તક હાથ કાળી;

કીજો કૃપા પ્રણમું હું શુભ વાણિ દીજો,
શ્રી અંબિકા શતક ભાગ બનેજ ત્રીજો. ૧

નાન્દી.

પ્રણમું પાય્ અંબે માય્ હે મહેશ્વરી:
અકળ કળ કળાતી નથી માજી તાહરી. ।।પ્રણમું.।। ટેક.
પ્રબળા બળ અચળ જ્યોત જાગતી ખરી,
વિઘ્ન હરણ શરણ મા ત્રિપુર સુંદરી,
નામ રટણ થકી જરૂર જાય જન તરી.
એવી-દેવી-શેવી, સુખકરની, દુખહરની,
જય કરની માત બેચરી. ।। પ્રણમું. ।। ૧
સાષ્ટાંગ્ કરી હું નમું હે માત શંકરી,
અસૂર દલ વિદારણી ત્રિશૂલ કર ધરી:
ખડ્ગ ખપર સંગ સિંહ સ્વારી તેં કરી.
માયા—રાયા—જાયા, ભવતરની, ભયહરની,
ગતબરની જાય ના જરી, ।। પ્રણમું. ।। ૨
ત્રિજું શતક લખવા આશ હામ મેં ધરી,
તારી નજર નેહ વિના શક્તિના જરી;
કર કૃપા કૃપાળી સ્હાય થા પુરંદરી.

આઇ—સ્હાઇ—ગાઇ, બળવંતી, કળવંતી,
ગુણવંતી ચંદ્ર ચિત ઠરી. । ॥ પ્રણમું. ॥ ૬

રાગ ભૈરવી.

જાગો જાગો અંબે માત. ॥ ટેક. ॥
કોકીલ કીર બોલત હે કી-કી;
કુસુમ કમળ વિખરાત. ॥ જાગો૦ ॥ ૧
કનક કિરણ મય સૂર્ય પ્રકાશે;
દૂર કરી માજમ રાત. ॥ જાગો૦ ॥ ૨
ચંદ્ર ઊભો જોવા મુખ ચાચર;
શ્રાવણ માસ પ્રભાત. ॥ જાગો૦ ॥ ૩

ભૈરવીની ઠુમરી.

જનમ જનમ હું દાસ તિહારો, દરસન મા દે દે દે, ।ટેક.।
અંબા મૈયા પડત તુંજ પૈયા;
ચરન શરન મે જિયા તલસે. ॥ દરસન૦ ॥

દોહા.

જપત જાપ તુંહિ નામકો તુંહિ બિન સર્વે શુન્ય;
ચંદ હૃદય ચટકી લગી હે દર્શનકી ધુન્ય.
જનમ જનમ હું દાસ તિહારો. ॥ દરસન૦ ॥ ૧

રાગ ભૈરવી (મુસ્તેજાદ.)

અરજી ઊર ધરો.

ઓ અંબા માત મારી, ગહન ગતી તમારી;
ચતુરાંમ દાસને મા, મ્હેર કરી ઘેર પધારી. ાાગહન૦ાા ૧
લગન વીધી કરી મા, મંડપ શોભા વધારી;
તુંતો છે મા કૃપાળી, ઘોળા ગઢવાળી;
કરી તમે મ્હેર સારી. ાા ગહન૦ ાા ૨
તેવી રીતે મને મા, કરગ્રહી પાર ઊતારી;
ભરૂંસો સત્ય ભારી, બોલીયાં લેઉં વારી;
ચંદ માગે સ્હાય તારી. ાા ગહન૦ ાા ૩

ભૈરવી.

ચાલો સ્નેહી અંબા દરસન જઇએ લાલ. ાા ટેક. ાા
દરસન કરવા આજ જવું છે, સાથે સંઘજ ભારી;
આરાસુરની વાટે, ઝટપટ પંથે પડીએ લાલ. ાાચાલો૦ાા ૧
વાટ ઘાટ રમણિક અતિ ઝાડી, આગળ નદીઓ સારી;
ન્હાતાં ગુણલા ગાતાં, ગાઢા ડુંગર ચઢીએ લાલ. ાાચાલો૦ાા ૨
ચૌદશનો દિન આજ અનોપમ, હવન ભલો ત્યાં થાશે;
ચંદ કહે કર જોડી, અંબાના ગુણ ગાઇએ લાલ. ાાચાલો૦ાા ૩

રાગ ધનાશ્રી.

કહું શું નસીબે. ।। એ રાહ. ।।

આનંદકારી મા વિશ્વ વિહારી,
નૌતમ લીલા છે સૂખકારી. ।। આનંદ૦ ।। ટેક.
સૂર્ય ચંદ્ર ગ્રહ અગણિત તારા;
નિરખી મા તુંજપર જાઊં વારી. ।। આનંદ૦ ।। ૧
ઝાડ પહાડ નદી કોતર સૌમાં;
સચરાચર રહી શક્તિ પ્રસારી. ।। આનંદ૦ ।। ૨
ચંદ્ર કહે નમી પાય તને મા;
વર્ણવતાં "લીલા" હું જાઊં હારી. ।। આનં૦ ।। ૩

રાગ ઝીંઝોટી.

માત હે માયાળી મોરી પડું તોરે પૈયાં;
પડુ તોરે પૈયાં મૈયા પડુ તોરે પૈયાં ।।માત૦।। ટેક.
ઓ અલબેલી, દાસ હું તિહારોરે;
દોષ કોષ ટાળી ચરન શરન રાખ મૈયા. ।।માત૦।। ૧
આરાસુરકી મા મતવાલીરે;
ચંદ હરત જોડ કર લેત બલૈયાં. ।।માત૦।। ૨

પદ રાગ ઠુમરી.

બતાદે સખી કોન ગલીયો શામ. ॥ એ રાહ. ॥

નમું હું પ્રીતે અંબા તને દીનરાત. ॥ટેક૦॥

તલપ તલપ કરે મંન મુજ મળવા;
તન પરવશ સુણુ વાત. ॥ નમું. ॥ ૧
દેવ સરવથી શ્રેષ્ટ ગણી મા;
શેવું સદા સાક્ષાત. ॥ નમું. ॥ ૨
ચંદ કહે મા બેઉ કર જોડી;
તુંહિ તુંહિ કરૂં માત. ॥ નમું. ॥ ૩

રાગ પદ.

આરાસૂરપર અંબા માવડી. ॥ ટેક. ॥

નદીઓ વહત જહાં, ઘુઘુ ઘુઘુ ઘુઘુ ઘુઘુ;
ઝરમર ઘન વરસે ઝડી. આરા૦ ૧
વાટ વિકટ બહુ ઘાટ વિલોકત;
આવી પ્હોંચો શંખ વાવડી. આરા૦ ૨
માન સરોવર સ્નાન કરી મા;
ચંદ તુજે મુંજ પાવડી. આરા૦ ૩

પદ. રાગ દાદરો.

નમી માએ પહુ છબીલી છલદીરે,

તું બ્રહ્માણી (૨) રૂદ્રાણી તુંહિ એક. અંબામાત.
॥ પાએ.॥ નમી પાએ. ॥ ૧

બ્રહ્મા વિષ્ણુ શિવ શેષ આદી સેવતારે;
નારદ વીણા (૨) ધરીને ગુણ ગાય; અંબામાત.
॥ પાએ. ॥ નમી પાએ. ॥ ૨

મારી શુંભને નિશુંભ રણે રોળીયારે;
તમે કીધાં (૨) મા ભકતતણાં કાજ; અંબામાત.
॥ પાએ. ॥ નમી પાએ. ॥ ૩

યુગો યુગ તમે જગતમાં છો જાણીતાંરે;
ચંદ આવી (૨) પારે ધરે ધ્યાન; અંબામાત.
॥ પાએ. ॥ નમી પાએ. ॥ ૪

રાગ પદ.

જનુની જીવોરે ગોપીચંદની. ॥ એ રાહ ॥

આરાઘુરીરે અલબેલડી, ચર્ણે નામું હું શાશજી;
સચરાચર છે મા સર્વમાં, આદ્ય અંબા અધીશજી. આરા૦૧
વિશ્નુ વિધી ને શિવ તાહરો, જોગી જપતા છે મંત્રજી;
જળ સ્થળનેરે બ્રહ્માડમાં, શકિત છે રે સ્વતંત્રજી. આરા૦ ૨
તે સમ કોઇએ દીઠાં નહીં, સરવેનાં છે આધારજી;

આધાર એને કોઇનો નથી, માટે કહે વિશ્વાધારજી. આરા૦ ૩
લાભ મળ્યોરે મનુષ્ય દેહનો, જપીયાં જેણે ન માતજી;
જગ જનુનીને ઝાંખી નહીં, સમજ્યો નહીં સત્ય વાતજી. આ. ૪
આનંદમય અવિનાશી છે, આદ્ય શક્તિ સર્વજ્ઞજી;
સુર સનકાદીક કહી ગયા, ચંદ કહે હું તો અજ્ઞજી. આ૦ ૫

ગરબી.

વૃંદાવન બંસી વાગીરે. ॥ એ રાહ. ॥

ઓ અંબામા અલબેલીરે, અકળ કળા તારી ન્યારી;
તું દેવ સરવમાં પ્હેલીરે, બાળા જાઊં બલિહારી. ૧
હે શૈલ્ય સુતા સુખદાતારે, માતા છો મમ ઉપકારી;
છો ભવ જલધીથી ત્રાતારે, આશા એ ઊરમાં ધારી. ૨
મમ સામું નેહે ભાળોરે, હું બાળક છું અવિચારી;
સૌ દૂરગુણ મારા ટાળોરે, અખિલ વિશ્વની અધિકારી. ૩
મને લાંછન લાજ તમારેરે, માજી લેજો મન ધારી;
કહે ચંદ ગમે તે કરજોરે, જેવી તમ શોભા સારી.

ગરબી.

તમે અજાણ્યા અમે જાણીએરે. ॥ એ રાહ. ॥

ઓ અંબા મા અલબેલડીરે,

મૈયા તુંછે સુખની વેલડીરે;
મેં ના ઓળખી એરંડા કે શેલડી,
અંબા મા પાય લાગું પ્રીતથીરે. ૧
આજ મુજને છે આશરો તાહરોરે,
કર ઝાલોને અંબા માહરોરે;
ભવ સાગર પાર ઉતારો. અંબા મા પાય૦ ૨
વરી ગબ્બર ગઢ ગુણવંતીરે,
તું છે ભક્ત વચ્છલ ભગવંતીરે;
હુંતો તુંજ દરશન કેરો ખંતી. અંબા મા૦ ૩
ધન્ય ધન્ય આરાસૂર માવડીરે,
આવી પ્રીતે પુંજું તુંજ પાવડીરે;
દેજો દરશન જાણીને ગાવડી. અંબા મા૦ ૪
શીશ નામી તને પાય લાગવુ રે,
તારી પાસેથી કંઇ કંઇ માગવુંરે;
"ચંદ" મનના મનોરથ પૂરો. અંબા મા૦ ૫

ગરબી.

સારૂ સારૂરે સુરત શહેર. ॥ એ રાહ. ॥
આઇ આવીએ તારે ઘેર દરસન કરવાને;

મમાયા કરજો મ્હેર, ચાચર ફરવાને. ।। ટેક ।।

મા ચાચર ફરવા ગુણુલા ગરવા, મનગમતો વર વરવારે;
પાપ પ્રહરવા સુખમાં ફરવા, ધ્યાન હૃદયમાં ધરવા. દ૦ ૧
મા ચાચર રમતાં નેહે નમતાં, શમતાં સર્વે પાપોરે;
કોટીક તીરથ કરતાં ન મળે, તેહ તણે ફળ આપો. દ૦ ૨
મા માનસરોવર માહંત્યમ મોટું, જેમાં નિરમળ નીરરે;
મન વાંચ્છિત ફળ સ્નાન કરેથી, મળતું તેને તીર. દ૦ ૩
મા કોટેશ્વર કૈલાસે જઇએ, નહીએ સરસ્વતી માંહીરે;
શિવ ઉમીયાનાં દરસન કરતાં, આનંદ વ્યાપે તાંહી. દ૦ ૪
મા વિમળ વણિકનાં દેરાં નીરખી, ગઢ ગબ્બરપર જઇએરે;
દરસન કરી ત્યાં માત હમે સૌ, ગુણુલા ગરબે ગઇએ. દ૦ ૫
મા તારે પારે આવી સર્વે, નાગર નૃત્ય નિહાળીરે;
ચંદ કહે સુખીયાં સૌ થઇએ, ધન્ય ધોળા ઘઢ વાળી. દ૦ ૬

ગરબી.

કેહેવા દો મને કંસરાયને કાહાના. એ રાહ.

દેવીરે દાતા અલબેલી અંબા,
તેડાને ચાચર ચોકે મા દંબા. દેવી૦ ટેક
શોભારે તારી શી શી હું ગાઉં,

નિરખી છબી મા વારી જાઊં;
પ્રીતેરે નેનામ્રત રસને પાઊં દેવી૦ ૧
ત્હારા ઉપર જોર જુલમ દાવો,
મયાળી મૈયા મનમાં ના લાવો;
ગાંડુંરે ઘેલું બોલ્યું તો નિભાવો. દેવી૦ ૨
શ્રાવણ માસે મનડું તલસાવો,
લેવા ત્હારા દરસનનો લ્હાવો;
ચાચર આવી ગરબો મારે ગાવો. દેવી૦ ૩
આશા તારી રાખું મા બિરદાળી,
જપું જાપ જગદંબા બાળી;
ચંદને તમે દેશો નહીં ટાળી. દેવી૦ ૪

ગરબી.

મોહોલે પધારો મારારાજ એ રાહ.

શરણે આવ્યો મોરી માત, અંબા તારે શરણે હું આવ્યો;
દરસનની મને ખાંત, અંબા તારે શરણે હું આવ્યો. ટેક
પ્યાલો પ્રેમ નીશાતણો, પાયો તેં ભરપૂર;
રોમ રોમ પ્રસરી રહ્યો, તેથી ચિતમાં બન્યો ચકચૂર. અં૦૧
અવર નીશા ઉતરી જશે, થાતાં ઊદે કે અસ્ત;

પ્રેમ નીશો નહીં ઉતરે, એનો દિન દિન વધતો મામસ્ત. અં૦ ૨
આનંદ ઊલટયો એથકી, ક્રોડ દિવાળી દંન;
પ્રેમ હૃદય વ્યાપી ગયો, તેથા અરપ્યું મેં મારૂં મંન. અં૦ ૩
નથી ચીજ એથી અધીક, અરપુ હું ભલી ભાત;
ફૂલ નહીં ફૂલ પાંખડી, તમે માની લેજો મોરી માત. અં૦ ૪
મોટાં આપ મહેશ્વરી, મંમાયા અંબાય;
વિષ્નુ વિધિ ને શિવ પણ, પ્રેમે ગુણ તમારા ગાય. અં૦ ૫
લળી લળી વિનવો મા—તને, પ્રીતે લાગી પાય;
દાસ ગણી નિજ "ચંદ"ને તમે સ્હાય કરોને સદાય. અં૦ ૬

પદ રાગ ગરબી.

વંનમાં વાગેરે વાંસળી. એ રાહ.

આરાસુરનીરે અંબિકા, અલબેલી દિનદયાળ;
કર મુજ સ્હાશેરે માવડી, મને જાણી તારો બાળ. આ૦ ૧
નિરમળ કરજોરે નીરથી, મંમાયા મારૂં મંન;
ભક્તિ કરવારે ભાવશું, તલપે છે તુંજમાં તંન. આ૦ ૨
વિઘન વિદારણરે છો તમો, મારે આપ તણો આધાર;
દાસગણીનેરે તારશો, બિરદાળી વિશ્વાચાર, આ૦ ૩
મોહ પમાડેરે મૂજને, તારી માયા છે બળવાન;

લપટ ફસાયોરે ફંદમાં, તેથી ભલ્યો તારૂ ધ્યાન. આ૦ ૪
તન મન ધનથીરે મા-તને, છે ભજવા-કેરો ભાવ;
ભજતાં ભૂલુંરે ભાનને, મોહ માયા નાંખે દાવ. આ૦ ૫
ચિંતા કરે છે ને આપીને, ચિત ચંચળ રહે ન સ્થીર;
કાયા કંપેરે કારમી, જાય જળવિણુ મચ્છ શરીર. આ૦ ૬
સ્થીર કરીનેરે સ્થાપજો, તમે પ્રેમળ ભક્તિ ઊર;
ચલીત ન થાએરે ચંચળું, ચિત તુજમાં રહે ચકચૂર. આ. ૭

ગરબી.

રઘુપતી રામ રૂદેમાં રે'જોરે. એ રાહ.

માજી પડવે તે પ્રીત વધારીરે, અંબા ઊપર જાઊં હું વારીરે;
તારી ગતુન ગતી હાસે ન્યારી, પારે કયારે તેડશો મતબાલીરે.
આવું ચાચર ચોકે મા ચાલી. ॥ પારે કયારે ॥ ૧
માજી બીજે બળે મન મારૂં રે, અંબા દર્શન મુજને પ્યારૂં રે;
તારૂં ધ્યાન હૃદય નિત્ય ધારૂં. પારે. આવું. પારે. ૨
માજી ત્રિજે તે તનડું તલસેરે, કયારે મેયા દર્શન સુખ મળશેરે.
પાપ પુર્વ જનમનાં પ્રજલશે પારે. આવું. પારે. ૩
માજી ચોથે થઇ મને ચટકીરે, મારૂં તન મન રહેછે ફટકીરે;
મારો જીવ રહ્યો છે ખટકી, પારે. આવું. પારે. ૪

આજી પાંચમે પાળો પ્રીતેરે, તારૂં ધ્યાન ધરૂં એક ચીતેરે;
કરૂં વિનતી તને બીતે બીતે. પારે. આવું. પારે. ૫
આજી છઠે છબીલી તું અંબારે, કરી કરૂણા કરો કર લંબારે;
તેડો શ્રાવણ ચાચર રંભા. પારે. આવું. પારે. ૬
આજી સાતમે સ્નેહ વધારોરે, આવી પ્રીતે પુજું તુંજ પારોરે.
મને દાસ ગણીને મા તારો. પારે. આવું. પારે. ૭
આજી આઠમે ઉલટ છે અંગેરે, કૂચ કરી શ્રાવણ ફેરા સંઘેરે;
હાંસ હૈયામાં રમવાની રંગે. પારે. આવું. પારે. ૮
આજી નોમે તે નટપુર નગરીરે, ઠામ ઠામે વાતો રહી પ્રસરીરે;
સંઘ સાથે જવા બાંધી ગઠરી. દરસન ક્યારે આપશો મતવાલીરે;
આવું ચાચર ચોકે મા ચાલી. દરસન. ૯
આજી દશમે દયાળી તું દાતારે, રાજનગરે આવ્યા ગુણ ગાતારે;
થઇ તન મનમાં સુખ શાતા. દરસન. આવું. દરસન. ૧૦
આજી એકાદશી દિન આજેરે, શેવા સામન લીધો મા કાજેરે;
અંબા ધોળા તે ધડમાં બીરાજે. દરસન. આવું. દરસન .૧૧
આજી બારસે તું બળવંતીરે; સહુ આવી મળ્યા તારા ખંતીરે;
સંઘ ઊપડીયો ગુણવંતી. દરસન. આવું. દરસન. ૧૨
આજી તેરશે તાપ સમાવ્યોરે, સંઘ સઘળો ખેરેડીમાં આવ્યોરે;
તેતો અંબા તણે મન ભાવ્યો. દરસન. આવું. દરસન. ૧૩

મા તું ચોદશે ગિરીએ ચઢાવેરે, કરી દરસન પુષ્પે વધાવેરે;
ત્યાંતો હુવન ભલો કરે ભાવે. દરસન દીધાં માત તેં મતબાલીરે;
આવ્યો ચાચર ચોકે મા ચાલી. દરસન દીધાં. ૧૪
આવી આમાંસ આનંદ પામેરે, પ્રેમે પુંજા કરે દુઃખ વામેરે;
નાગર નૃત્ય કરે તુંજ સામે. દરસન દીધાં. આવ્યો. દરસન. ૧૫
તીથી ગાય શીખેને સાંભળશેરે, તેને પાંચે પદારથ મળશેરે;
ચંદ કહે મનવાંચ્છિત ફલશે, દરસન દીધાં માત તેં મતબાલીરે;
આવ્યો ચાચર ચોકે મા ચાલી. દરસન દીધાં, ૧૬

થાળ.

માતાજી આજ થાળ ધરી શીશ નામું;
જો જો મમ સામુરે અલબેલીજી.
માતાજી આરોગો હું કહું લાજી લાજી;
થઇ વાર ઝાઝીરે અલબેલીજી.
માતાજી કનક કળસ ઉપર ભરી ઝારી;
ગંગાજળ વારીરે અલબેલીજી.
માતાજી મોતૈયા લાડુ સેવૈયા સારા;
કણસાઇ લાગે પ્યારારે અલબેલીજી.
માતાજી મગદળ મોવળ લાડુ દળના;

ખાજાં ને છે ખુરમાંરે અલબેલીજી.
માતાજી ઘેબર બરફી જલેબી છે સારી;
પેંડા સુખકારીરે અલબેલીજી.
માતાજી મેસુર મરકીને સૂતરફેણી;
ખારી શેવ ઝીણીરે અલબેલીજી.
માતાજી ગણગાંઠીઆ ગુલાબપાક;
ઇલાયચીની વાકરે અલબેલીજી.
માતાજી ગુંદરપાક સાલમપાક સારા;
ટોપરાપાક ન્યારારે અ૦
માતાજી ઘઉંની શેવોને સકકર પારા;
શીરા સાત સારારે અ૦
માતાજી ખારી મોળી ગળીછે પૂરી;
જમો આરાસૂરીરે અ૦
માતાજી ખીર ખાંડ ને રોટલી સારી;
કીધી માવા મારીરે અ૦
માતાજી પ્રીતે પુરીછે પુરણપોળી;
ઘીમાં ઝબકોળીરે અ૦
માતાજી દૂધપાક શીખંડ બાસુદી;

લાડુ કર્યા બૂંદીરે અ૦

માતાજી નાંખી દ્રાક્ષ ચારોળી બદામ;

તેજાના તમામરે અ૦

માતાજી માંખણ મીસરી માવો માલપુડા;

પાપડ તળ્યા રૂડારે અ૦

માતાજી ઘઉંની બાટી બાજરિ કેરીપોળી;

ઘીમાં રાખી બોળીરે અ૦

માતાજી રસ રોટલી સાકર સારી;

જમો જાણિં પ્યારીરે અ૦

માતાજી દહીંવડાં સુંદર દહીંથરીયાં;

પાસે મીઠું મરીયાંરે અ૦

માતાજી પહુંવા મઠીઆં ગુંજાને સુંવાળી;

આરોગો બિરદાળીરે અ૦

માતાજી ભાત ભાતનો કીધોછે હલવો;

મુકયાં ઘીને કલવોરે અ૦

માતાજી તલસાંકળીને ફુલવડીયો;

ભર્યા મોટા દડીયારે અ૦

માતાજી વાલ મગ્ના વટાણા વધાર્યા;

શાકાંને મુચાર્યાંરે અલબેલીજી.

માતાજી કટોરા કઢી વડી નાંખી ભરીયા;

સનમુખ સહુ ધરીયારે અ૦

માતાજી દાળ છુટી નરમ ને છે લચકો;

રખે અંબા અચકોરે અ૦

માતાજી કર્યો કેસરીયો ભલો ભાત;

મેવો જાત જાતરે અ૦

માતાજી મુરબ્બાવળી અમૃત પાક;

તળ્યાં સારાં શાકરે અ૦

માતાજી અળવી આદુ ગલકા કેરાં ભજીયાં;

રીંગણુ નથી તજીયાંરે અ૦

માતાજી કેળા કોળા કેરીનાં છે સારાં;

ભરાં ન્યાર્યા ન્યારાંરે અ૦

માતાજી કંકોડાં પરવળને કારેલાં;

ઘીએ વઘારેલાંરે અ૦

માતાજી કેરાં કાચલીયો બહુ તળીયો;

ગવારની ફળીયોરે અ૦

માતાજી લીલવા ને બટાટા વઘાર્યા;

ભીંડાને સુધાર્યા રે અ૦
માતાજી મુળા મોગરી મેથીની ભાજી;
તાંદળજાની તાજીરે અ૦
માતાજી ભાજી ડોડી સુવાની છે સારી;
પાનાં સૂખકારીરે અ૦
માતાજી સુંદર સૂરણ તળીયુંછે ખાંતે;
આરોગો વણ ભ્રાંતેરે અ૦
માતાજી ચોળા દોડાં તુવેરની ફળીયો;
સારી રીતે તળીયોરે અ૦
માતાજી શીંગો ગલકાં દૂધીનાં છે શાક;
વાલોળો વંત્યાકરે અ૦
માતાજી રાયતાંને ચટણીયો છે સારી;
માંહે વરીઆળીરે અ૦
માતાજી કઢયાં દૂધ ધર્યાં તુજ આગે;
પીતાં પ્રીય લાગેરે અ૦
માતાજી વળતુ જેરે જોઇએ તે માગી લેજો;
ખાટું ખારૂં કેજોરે અ૦
માતાજી આરોગીને કર્યું આચમાંન;

બેઠાં સિંહાસંન રે અ૦

માતાજી પાંચ પાંનનુ બીડલુ મેં કરીયું;

આએ મૂખ ધરીયું રે અ૦

માતાજી આજુ બાજુ ચમરે ઢાળું વાય;

સાંમે નૃત્ય થાયરે અ૦

માતાજી આરતી ઉતારી માફિ માગુ;

પ્રીતે પાએ લાગુંરે અ૦

માતાજી પ્રેમે આપો પછીથી પ્રસાદ;

માનું ધન્ય વાદરે અ૦

માતાજી થોડામાં ઘણું કરી માની લેજો;

અભય વર દેજોરે અ૦

માતાજી થાળ ગાય શીખેન સાંભળશે;

પાતક તેનાં પળશેરે અ૦

માતાજી ચંદ માગે મતી શુભ આપો;

સંકટ સહુ કાપોરે અ૦

લાવણી.

હે બિરદાલી (૨) હે મતબાલી, કર મૈયા રખવાલી,
શરન તોરે આયો આલી આલી. હે બિરદાલીજી. ાાટેક.ાા

સેવા તહારી (૨) લાગે પ્યારી, કરી આરતી તારી
માત તુંજ પર જાઉં વારી વારી;
તુંજ બલિહારી (૨) દિસે-ધારી, વણિક ઝાઝ ઉગારી,
તારી સુર દૈત્યોને નાંખ્યા મારી. હે લટકાળી (૨)
હે મતવાલી, કર મૈયા રખવાલી,
શરન તોરે આયો ચાલી ચાલી. હે બિરદાલીજી. ૧
તુંહિ બ્રહ્માણી (૨) તું રૂદ્રાણી, આરાસુર પટરાણી,
વેદના ભેદ લહે જાણી જાણી;
નાવે વાણી (૨) જોઉં પાણી, કર કરૂણા કલ્યાણી,
જાણી સુર સૌમાં તું શાણી શાણી. હે લટકાળી (૨)
હે મતવાલી, કર મૈયા રખવાલી.
શરન તોરે આયો ચાલી ચાલી. હે બિરદાલીજી. ૨
હે સુખદાતા (૨) જગની માતા, ધરે ધ્યાંન વિધાતા,
સુર મુનીવર તુંજને ન્હાતા ન્હાતા;
ગુણલા ગાતા (૨) સુખિયા થાતા, રે'તા મસ્ત મદમાતા,
પ્રેમ રસ પી, પીને પાતા પાતા. હે લટકાળી (૨)
હે મતવાલી, કર મૈયા રખવાલી,
શરન તોરે આયો ચાલી ચાલી. હે બિરદાલીજી. ૩

ભક્તિ ભાવે (૨) વધે લાવે, સદા શીશ નમાવે,
ચંદ્રતો છંદ મીઠે ગાવે ગાવે;
મુક્તિ પાવે (૨) ફિર ના આવે, જન્મ મર્ણુ મિટાવે,
આશ એક પુંજ બ્હાને ફાવે ફાવે હે સરકારી (૨)
હે ભગવાની, દર મૈયા રખવાલી,
શરન તોરે આયો ચાલી ચાલી. હે બિરદાલીજી.

દોહરો.

ગમાયાની મ્હેરથી, પૂર્ણ કર્યો આ ભાગ;
ચંદ્ર મહાય ચોથા વિષે, લખવા આપો લાગ. ૧૦૦

શ્રી.

આ શ્રી અંબીકાશતકનાં અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર ગૃહસ્થોનાં નામ.

રા. રા.	હરીશંકર દયાળજીભાઈ પંડ્યા.	ગઢડા.
,,	વકીલ. મગનલાલ મોતીલાલ. હાલ	વિસનગર.
,,	મેહેતા. પ્રાણલાલ ભદ્રેશ્વરાય.	નડિયાદ.
,,	વકીલ. ગોવિંદભાઈ રણછોડભાઇ હાલ	મીઅ[illegible]
,,	સંઘવી. હરિમલાલ અંબાલાલ.	
,,	દયારાંમ વિશ્નુરાંમ. કોડવાના ઈનામદારના	
,,	જસભાઇ મનસુખરાંમ.	[illegible]દિયાદ
,,	મોદી. ચુનીલાલ વરજલાલ હાલ.	ઇન્દોર છાવણી.
રા.	બારોટ. ભીખાવંનદાસ સુખજીભાઇ	નડિયાદ.
,,	મેહેતા. ગુણવંતરાય અંબાલાલ	,,
,,	મહેતા. મોહનલાલ શંકરલાલ.	,,
,,	મહેતા. પ્રાણશંકર સુરાલરાય.	,,
,,	ભગવાંનદાસ ત્રીકમદાસ. કાપેન્ટર.	,,
,,	શા. સાંકળચંદ બહેચુભાઇ.	,,
,,	સોની. અંબાલાલ વેણીરાંમ.	,,
,,	ગાંધી. શોભાભાઇ મુળજી.	,,
,,	શા. શોભાભાઇ છગનલાલ.	,,
,,	શા. શીવલાલ રણછોડદાસ.	,,
,,	પા. શોભાભાઇ હરિભદાસ.	,,
,,	પા. મંગળદાસ બહેચરદાસ	,,
,,	શા. સાંમળભાઈ મુળજી.	,,
,,	શા. ભગવાંનલાલ ચુનીલાલ.	,,
,,	શા. છોટાલાલ ત્રીકમદાસ.	,,